પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    વર્ષ : ૨૯    અંક : ૨૮૪    કુલ પાના : ૪    તારીખ : ૨૪-૦૭-૨૦૨૬ શુક્રવાર    કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ભારે વરસાદને કારણે અમદાવાદમાં પૂર જેવી સ્થિતિ, શહેરના ૫ અંડરપાસ બંધ

અમદાવાદ

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. વહેલી સવારે ૩.૩૦ વાગ્યાથી ધીમી ધારે શરૂ થયેલા વરસાદે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. પશ્ચિમ અમદાવાદના વિસ્તારોમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા માત્ર ૧ કલાકમાં ૨ ઈંચ જેટલો ખાબકેલો વરસાદ સમગ્ર શહેરને જળબંબાકાર કરી ગયો છે. પશ્ચિમ વિસ્તારના બોપલ, જોધપુર, સેટેલાઈટ, એસજી હાઈવે અને આંબાવાડીમાં માત્ર ૧ કલાકમાં ૨ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબક્યો હતો. એસજી હાઈ-વે ઉપર સાતથી આઠ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ જોવા મળ્યો હતો બ્રિજની ઉપર ટ્રાફિક જામથી રસ્તો બ્લોક થઈ ગયા હતાં અને બ્રિજની નીચેનો રોડ બેટમાં ફેરવાયો હતો અને બે કલાકથી લોકો ટ્રાફિક જામમાં અટવાયા હતાં



શહેરના બોપલ, જોધપુર, સેટેલાઈટ, એસ.જી. હાઈવે અને આંબાવાડી જેવા પોશ વિસ્તારોમાં મુસળધાર વરસાદથી રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા હતાં ભારે વરસાદના કારણે વાહનચાલકોની વિઝિબિલિટી ઘટી જતાં વાહનવ્યવહારને માઠી અસર પહોંચી . બોપલમાં ઢીંચણસમા પાણી ભરાઈ જતાં સ્ટર્લિંગ સિટી સોસાયટી અને નીચાણવાળા વિસ્તારોના ઘરો તેમજ દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયા છે. પીપળેશ્વર સોસાયટી બહારનો મુખ્ય રોડ પણ જળમગ્ન થઈ ગયો છે.

ઘરો અને દુકાનોમાં પાણી ભરાતાં રહીશો અને વેપારીઓ ભારે ચિંતામાં મુકાયા હતાં. સુરક્ષાના ભાગરૂપે તંત્ર દ્વારા અમદાવાદના તમામ મુખ્ય ૫ અંડરપાસ બંધ કરી દેવાયા હતાં જેમાં અખબારનગર, મીઠાખળી, શાહીબાગ, મકરબા અને પરિમલ અંડરપાસ નો સમાવેશ થાય છે. ડી કેબિન અંડરબ્રિજમાં પણ પાણી ભરાઈ જતાં તેને વાહનો માટે બંધ કરાયો અમદાવાદમાં સતત વરસી રહેલા ભારે વરસાદને પગલે હવામાન વિભાગ દ્વારા શહેર માટે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.અમદાવાદના સરખેજ વોર્ડમાં સૌથી વધુ ૧૧૫ મીમી, બોપલમાં ૧૧૫.૫૦, જોધપુરમાં ૧૧૧.૫૦ મીમી, થલતેજમાં ૧૦૮ મીમી, બોડકદેવમાં ૧૧૨ મીમી, નવરંગપુરામાં ૭૭.૫૦ મીમી, ઉસ્માનપુરામાં ૬૮ મીમી, સાયન્સ સિટીમાં ૧૦૦ મીમી વરસાદ વરસ્યો હતો.

શહેરના પશ્ચિમ અને પૂર્વ એમ બંને ભાગોમાં વરસાદી માહોલ જામ્યો છે. અલગ-અલગ વિસ્તારોની વાત કરીએ તો પશ્ચિમ અને એસજી હાઈવેના પ્રહલાદનગર, શ્યામલ, શિવરંજની, જીવરાજ પાર્ક, વેજલપુર, મકરબા, સેટેલાઈટ, આંબાવાડી, પાલડી અને વાસણા વિસ્તારમાં મુસળધાર વરસાદ નોંધાયો છે. પૂર્વ અને દક્ષિણ અમદાવાદની વાત કરીએ તો મણિનગર, જશોદાનગર, ઘોડાસર, ઈસનપુર, નારોલ,સીટીએમ હાટકેશ્વર, ખોખરા, અમરાઈવાડી, રબારી કોલોની, વસ્ત્રાલ, રામોલ, કાંકરિયા, બહેરામપુરા, દાણીલીમડા અને જમાલપુર સહિતના તમામ વિસ્તારોમાં મુસળધાર વરસાદથી રસ્તાઓ ભીંજાયા છે. થલતેજ અને એસજી હાઈવે પર એટલો ધોધમાર વરસાદ શરૂ થયો હતો કે વાહનચાલકો માટે વિઝિબિલિટી ખૂબ જ ઘટી ગઈ હતી. ધોધમાર વરસાદના કારણે વાહનચાલકોને હેડલાઈટ ચાલુ રાખીને વાહન ચલાવવાની ફરજ પડી હતી. દરમિયાન, ભારે વરસાદને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શરૂઆત થઈ ગઈ છે. બોપલ વિસ્તાર સહિત કેટલાક મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જવાના કારણે વાહન વ્યવહાર ભારે ખોરવાયો છે. રસ્તાઓ પર પાણી ભરાતાં ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા છે.

અમદાવાદના ભીમજીપુરા વિસ્તારમાં ભારે વરસાદને પાણી ભરાયા છે. ભીમજીપુરામાં ઘૂંટણ સમા પાણી ભરાતા સ્થાનિકોને હાલાકીનો સામનો કરવો પડયો હતો લોકોના ઘરોમાં વરસાદી પાણી ઘૂસતા લોકો પરેશાન થઈ ગયા હતાં પાણીમાં અનેક વાહનો પાણીમાં ફસાતા વાહનચાલકો પણ ભયભીત બન્યા હતાં નિર્ણયનગર વિસ્તારમાં પણ વરસાદને કારણે માર્ગો પર પાણી ભરાઈ ગયા હતાં અનેક સોસાયટીમાં પાણી ભરાઈ ગયા હતાં જેને કારણે લોકોને ભારે હાંલાકીનો સામનો કરવો પડયો હતો ભારે વરસાદને કારણે કર્ણાવતી રોડ પાણીમાં ડૂબ્યો છે. જીર હાઈવે પર નવા ઓવરબ્રિજની બાજુમાં દોઢથી બે ફૂટ સુધીના પાણી ભરાયા હતાં જેના કારણે વાહન ચાલકો પરેશાન થઈ ગયા

અમદાવાદ પશ્ચિમના પોશ વિસ્તાર ગણાતા સિંધુ ભવન રોડ પણ ભારે વરસાદને કારણે પાણી ભરાયા છે. તાજ હોટેલથી પકવાન સર્કલ સુધી સિંધુ ભવન રોડ પર ફોર-વ્હિલ કારનું અડધુ ટાયર ડૂબી જાય તેટલું પાણી ભરાતા લોકો પરેશાન થયા સવારના સમયે જ અચાનક વરસાદ શરૂ થતા શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. કામ પર જવાના સમયે જ વરસાદ શરૂ થતા અમદાવાદ વાસીઓ પલળતા પલળતા ઓફિસ અને કામ ધંધે પહોંચ્યા હતાં.

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદી સિસ્ટમ કાર્યરત થઈ ગઈ છે. ગત મોડી રાતથી મેઘરાજા જિલ્લાને ભમરોલી રહ્યા છે ત્યારે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધારે દોઢ ઈંચ વરસાદ દહેગામમાં પડ્યો છે. જ્યારે ગાંધીનગર તાલુકામાં એક ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. માણસા અને કલોલ તાલુકામાં સામાન્ય વરસાદ પડ્યો છે. ત્યારે આ વરસાદથી નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા જોવા મળી રહી છે. ચોમાસાની શરૂઆતથી જ જિલ્લામાં વરસાદ પડ્યો ન હતો અને જિલ્લો કોરો ધાકોર રહ્યો હતો

## દેશભરમાં વરસાદે તબાહી મચાવી
# આસામમાં પૂરમાં ૪૧ લોકોના મોત, મહારાષ્ટ્રમાં પાણી ભરાઈ ગયા, અનેક રાજ્યોમાં રેડ એલર્ટ જારી

નવીદિલ્હી

દેશભરમાં વરસાદનો તબાહી ચાલુ છે. વાદળ ફાટવા, પૂર અને ભૂસ્ખલનથી અનેક લોકોના મોત થયા છે. આસામમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. વરસાદને કારણે એક જ દિવસમાં દસ લોકોના મોત થયા છે. હવામાન વિભાગે અનેક રાજ્યોમાં રેડ એલર્ટ જારી કર્યું છે. આસામના મુખ્ય સચિવ રવિ કોટાએ પૂર્વોત્તર રાજ્યમાં પૂરની સ્થિતિની સમીક્ષા કરી હતી.જારી કરાયેલી સત્તાવાર જાહેરાત મુજબ, સમીક્ષામાં પૂરગ્રસ્ત ચરાઈદેવ, શિવસાગર, જોરહાટ અને ગોલાઘાટ જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું અને પરિસ્થિતિનો સામનો કરવા માટે વિવિધ વિભાગોની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

આસામમાં પૂરની સ્થિતિ ગંભીર છે, અત્યાર સુધીમાં ૪૧ લોકોના મોત થયા છે અને ૧૧ જિલ્લાઓમાં ૬.૫ મિલિયનથી વધુ લોકો પ્રભાવિત થયા છે. તેમણે કહ્યું કે



સેના, વાયુસેના અને અન્ય એજન્સીઓ રાહત અને બચાવ કામગીરી ચાલુ રાખી રહી છે, અને દૂરના વિસ્તારોમાં ફસાયેલા લોકોને આવશ્યક પુરવઠો પહોંચાડવા માટે ડ્રોનનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉત્તરપૂર્વીય રાજ્યમાં ઘણી મોટી નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે.મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા દિવસના અંતમાં ગોલાઘાટ જિલ્લાના કેટલાક સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે. તેઓ બુધવારે પડોશી જોરહાટ અને શિવસાગરમાં બચાવ કામગીરીની સમીક્ષા કરશે અને અસરગ્રસ્ત લોકો સાથે વાતચીત કરશે. આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અનુસાર, મંગળવાર મધ્યરાત્રિથી શરૂ થયેલા ૨૪ કલાકમાં પૂરમાં ૧૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સાથે, આ વર્ષના પૂરમાં મૃત્યુઆંક ૪૧ પર પહોંચી ગયો છે.આ દરમિયાન, મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં રાતોરાત ભારે વરસાદને કારણે અનેક શહેરો અને ગામડાઓ ડૂબી ગયા, જેના કારણે ઘણા લોકો ફસાયા અને અધિકારીઓને બચાવ કામગીરી વધુ તીવ્ર બનાવવાની ફરજ પડી.જિલ્લા કલેક્ટર ઈન્દુ રાણી જાખરે જણાવ્યું હતું કે એક વ્યક્તિ નાળામાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. તેમણે કહ્યું કે મૃતકની હજુ સુધી ઓળખ થઈ નથી. કલેક્ટરે કહ્યું કે સાવચેતીના પગલા તરીકે, જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ ગુરુવારે બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. જાખરે કહ્યું કે પરિસ્થિતિ બગડતી જોઈને, જિલ્લા વહીવટીતંત્રે રાજ્ય સરકાર પાસેથી રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળની વધારાની ટીમની વિનંતી કરી છે.મહારાષ્ટ્રના થાણે જિલ્લાના કલ્યાણ તાલુકામાં ભારે વરસાદને કારણે મુખ્ય પુલો પાણીમાં ડૂબી ગયા છે, જેના કારણે આ વિસ્તારમાં ટ્રાફિક અને કનેક્ટિવિટી ગંભીર રીતે ખોરવાઈ ગઈ છે, એમ એક અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું. ગુરુવારે સવારે ૮:૩૦ વાગ્યા સુધી છેલ્લા ૨૪ કલાકમાં થાણે શહેરમાં ૯૯.૩૨ મીમી વરસાદ નોંધાયો છે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રાદેશિક આપત્તિ વ્યવસ્થાપન સેલના વડા યાસીન તડવીએ જણાવ્યું હતું કે આ સિઝનમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૯૩.૭૮ મીમી વરસાદ પડ્યો છે, જે ગયા વર્ષે ૧૨૭૦.૪૮ મીમી હતો.

# દક્ષિણ ગુજરાતમાં મેઘાનું 'રૌદ્ર' રૂપ! તમામ જિલ્લાઓની શાળાઓમાં રજા જાહેર



સુરત,

દક્ષિણ ગુજરાતમાં ચોમાસાના રૌદ્ર સ્વરૂપ અને હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી અતિભારે વરસાદની ચેતવણીને પગલે વિદ્યાર્થીઓની સુરક્ષા અર્થે વહીવટી તંત્ર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. સુરત અને નવસારી જિલ્લા પ્રશાસને સત્તાવાર પરિપત્ર બહાર પાડીને તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરી છે. વલસાડમાં ભારે વરસાદના કારણે પૂરનો ખતરો ઉભો થયો છે. વલસાડમાં ૩૫ ઈંચ વરસાદમાં પાણી પાણી થઈ ગયું છે. આ સાથે નવસારી અને સુરતમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે.

સુરત જિલ્લા શિક્ષણ અધિકારીના આદેશ અનુસાર સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારની તમામ સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રહેશે. નવસારી જિલ્લામાં સ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રાથમિક-માધ્યમિક શાળાઓ ઉપરાંત તમામ આંગણવાડીઓ, કોલેજો અને આઈટીઆઈ જેવી ટેકનિકલ સંસ્થાઓમાં પણ રજા જાહેર કરી દેવામાં આવી છે. શાળા સંચાલકોને આંતરિક પરીક્ષાઓ કે અન્ય કોઈ બહાને વિદ્યાર્થીઓને શાળાએ ન બોલાવવા તાકીદ કરાઈ છે. નિયમભંગ કરનાર સામે કાનૂની કાર્યવાહી થશે.

મુખ્ય માર્ગો પર પાણી ભરાવાની સ્થિતિ, ખાડી પૂરનું જોખમ તેમજ પૂર્ણા અને અંબિકા નદીઓના વધતા જળસ્તરને ધ્યાનમાં રાખીને આપત્તિ વ્યવસ્થાપન સમિતિની બેઠક બાદ આ નિર્ણય લેવાયો છે. સ્થિતિ ગંભીર હોવાથી ટ્રાફિક અને પોલીસ પ્રશાસનને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા વાલીઓને સોશિયલ મીડિયાની અફવાઓથી દૂર રહી માત્ર સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ કરવા વિનંતી કરવામાં આવી છે.

# ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સના ઉદ્ઘાટન સમારોહ પહેલા ભારતનો પહેલો મેડલ કન્ફર્મ થયો

નવીદિલ્હી

૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સ ગ્લાસગો, સ્કોટલેન્ડમાં યોજાઈ રહી છે, અને ૨૩ જુલાઈના રોજ ઉદ્ઘાટન સમારોહ પહેલા ભારત માટે સારા સમાચાર આવ્યા છે. લવલીના બોર્ગોહેનનો મહિલા બોક્સિંગમાં ૭૫ કિગ્રા વર્ગમાં મેડલ નિશ્ચિત છે, જેમાં ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ મળશે. હકીકતમાં, મહિલા ૭૫ કિગ્રા વર્ગમાં ફક્ત પાંચ મહિલા બોક્સર હતી, જેમાં ટોચના ત્રણ ખેલાડીઓએ સેમિફાઈનલમાં સીધો પ્રવેશ મેળવ્યો હતો, જેમાં લવલીના બોર્ગોહેનનો પણ સમાવેશ થાય છે, જેના કારણે તેણી બ્રોન્ઝ મેડલ જીતવાની ખાતરી આપી હતી.ઓલિમ્પિકમાં પણ મેડલ જીતનાર ભારતીય સ્ટાર મહિલા બોક્સર લવલીના બોર્ગોહેનનો સામનો કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ ની સેમિફાઈનલમાં તુવાલુની તાફાકી સામે થશે. મહિલા ૭૫ કિગ્રા વર્ગમાં આ સેમિફાઈનલ ૩૧ જુલાઈના રોજ રમાશે, જેમાં દરેકને આશા છે કે લવલીના ફાઈનલમાં પહોંચશે. જો તે સફળ થશે, તો તે ચોક્કસપણે ઓછામાં ઓછી સિલ્વર મેડલ માટે લાયક બનશે.

આ વર્ષે, કોમનવેલ્થ ગેમ્સમાં ફક્ત ૧૦ રમતોમાં ઈવેન્ટ્સ છે, જેના પરિણામે મેડલ ઈવેન્ટ્સ ઓછી થશે. મેડલની



સંખ્યા વધારવી એ ભારતીય ટુકડી માટે એક મોટો પડકાર હશે. ભારતે ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સમાં ૧૨૫ ખેલાડીઓની ટુકડી મોકલી છે, જે વિવિધ રમતોમાં ભાગ લેશે. ભારતીય અભિયાન ૨૩ જુલાઈના રોજ ઉદ્ઘાટન સમારોહ પહેલા બે લોન બાઉલ મેચોથી શરૂ થશે. ભારતીય ટુકડી આઠ જનરલ-એથ્લેટ્સ શાખાઓમાં ભાગ લેશે: એથ્લેટિક્સ, બોક્સિંગ, વેઈટલિફ્ટિંગ, જુડો, આર્ટિસ્ટિક જિમ્નેસ્ટિક્સ, ટ્રેક સાયકલિંગ, બાઉલ અને સ્વિમિંગ.

લોવલીના બોર્ગોહેનના મેડલની પુષ્ટિ થયા પછી, બધાની નજર હવે સ્ટાર ભારતીય ભાલા ફેંકનાર નીરજ ચોપરા અને વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુ પર છે, જેમના ગોલ્ડ મેડલ જીતવાની અપેક્ષા છે. ગયા વખતે, ભારતે બર્મિંગહામમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં કુલ ૬૧ મેડલ જીત્યા હતા, જેમાં ૨૨ ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે.

# વલસાડમાં મેઘરાજાનો મહાપ્રલય; ઉમરગામમાં ૪૨ ઈંચથી વધુ વરસાદ, લોકો છત પર આશરો લેવા મજબૂર

વલસાડ

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં મેઘરાજાએ એવું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે કે સમગ્ર જિલ્લો જળમગ્ન થઈ ગયો છે. વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક કલાકોથી મેઘાનું અવિરત તાંડવ જોવા મળી રહ્યું છે, જેના કારણે ચારે તરફ માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યું છે. અત્યંત ભારે વરસાદને કારણે વલસાડમાં આકાશી આફત આવી પડી છે અને સ્થાનિક લોકોના જીવ માથે ભારે સંકટ ઊભું થયું છે.

જિલ્લામાં વરસાદી આંકડાઓ સામે આવ્યા છે તે અત્યંત ચોંકાવનારા છે. માત્ર ૨૬ કલાકના ટૂંકા ગાળામાં જ મેઘરાજાએ સમગ્ર જિલ્લાને ધમરોળી નાખ્યો છે. ઉમરગામમાં છેલ્લા ૨૬ કલાકમાં જ રેકોર્ડબ્રેક ૪૨ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. કપરાડામાં ૨૬ કલાકની અંદર ૩૨.૫ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે. નાનાપોંઢામાં ગઈકાલથી અત્યાર સુધીમાં ૩૦ ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે. ધરમપુર પંથકમાં પણ અત્યાર સુધીમાં ૨૩ ઈંચ જેટલો વરસાદ પડી ગયો છે.

અતિભારે વરસાદના કારણે વલસાડ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. જળબંબોળ સ્થિતિને કારણે રસ્તાઓ, ઘરો અને વેપાર-ધંધા પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ઘણા વિસ્તારોમાં ઘરોમાં ૫ થી ૮ ફૂટ જેટલા પાણી ભરાઈ જતાં સ્થિતિ વણસી છે. લોકો પોતાના પરિવાર અને બાળકોનો જીવ બચાવવા માટે ઘરની છત પર ચડીને આશરો લેવા મજબૂર બન્યા છે.

સતત વરસી રહેલા આફતના વરસાદને કારણે વલસાડ જિલ્લાની તમામ મુખ્ય નદીઓ બે કાંઠે અને ગાંડીતૂર બનીને વહી રહી છે. નદીઓના પાણી ગામડાઓમાં અને રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જતાં અત્યંત ભયાનક સ્થિતિ સર્જાઈ છે. જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોનો સંપર્ક મુખ્ય મથકથી કપાઈ ગયો છે. સ્થાનિક તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન ટીમો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને રેસ્ક્યૂ કરવાની અને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી ઝડપથી શરૂ કરી દેવામાં આવી છે. તેમ છતાં, જો વરસાદનું જોર આમ જ ચાલુ રહેશે તો સ્થિતિ વધુ ગંભીર બને તેવી શક્યતા છે.

# સરકારી એન્જિનિયર લાંચ આપીને ધનવાન બન્યા, ૧૫૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત

હૈદરાબાદ,

સરકારી તંત્રમાં ભ્રષ્ટાચાર સતત ડામવામાં આવી રહ્યો છે. જોકે, લાંચ એટલી ઊંડી રીતે સ્થપાયેલી છે કે તેનો અંત આવવાના કોઈ સંકેત દેખાતા નથી. સરકારી અધિકારીઓની લાંચ દ્વારા ગેરકાયદેસર કમાણીની વાર્તાઓ સમગ્ર ભારતમાંથી બહાર આવે છે. તાજેતરનું ઉદાહરણ તેલંગાણાથી આવ્યું છે. જ્યારે ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ એક સરકારી ઈજનેરના પરિસરમાં દરોડો પાડ્યો ત્યારે તે ૧૫૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ ધરાવતો હોવાનું જાણવા મળ્યું. ઈજનેરના પરિમાંથી દસ એપાર્ટમેન્ટ, મુખ્ય મિલકત, ૨ કિલો સોનું, લકઝરી કાર અને મોંઘી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. તપાસ બાદ,એસીબીએ પુષ્ટિ કરી કે ઈજનેર પાસે ૧૫૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે.

તેલંગાણા ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ હૈદરાબાદના ખૈરાતાબાદ સ્થિત રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ કોર્પોરેશનના ડિવિઝનલ એન્જિનિયર મુત્યમ વેંકટ રમણા સામે અપ્રમાણસર સંપત્તિનો કેસ નોંધ્યો છે.એસીબીએ તેમના નિવાસસ્થાન, ઓફિસ અને સંબંધીઓ, સહયોગીઓ અને કથિત અનામી વ્યક્તિઓ સાથે જોડાયેલા સાત અન્ય સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા.

દરોડા દરમિયાન, અધિકારીઓએ દાવો કર્યો હતો કે રમણાના આવકના જાણીતા સ્ત્રોતો કરતાં ઘણી વધુ સંપત્તિ મળી આવી છે. છઝમ અનુસાર, ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ તપાસ શરૂ કરવામાં આવી હતી કારણ કે પ્રાથમિક પુરાવા દર્શાવે છે કે તેમણે સરકારી સેવા દરમિયાન ભ્રષ્ટ માધ્યમો દ્વારા નોંધપાત્ર સંપત્તિ એકઠી કરી હતી.

તપાસમાં સેરીલિંગમપલ્લી અને કુકટપલ્લીમાં ચાર રહેણાંક ફ્લેટ મળી આવ્યા, જેની નોંધાયેલ કિંમત ૧.૨૩ કરોડ છે. વધુમાં, કુકટપલ્લીના અંજનેયા નગરમાં ૧૬૦ ચોરસ યાર્ડના વિસ્તારમાં ફેલાયેલી જી+૩ કોમર્શિયલ ઈમારત મળી આવી, જેની સત્તાવાર કિંમત ૧.૮૨ કરોડ હતી. સેરીલિંગમપલ્લીના ગુટ્ટાલા બેગમપેટમાં ૨૫૦ ચોરસ યાર્ડના વિસ્તારમાં ફેલાયેલી જી+૫ કોમર્શિયલ ઈમારત મળી આવી, જેની સત્તાવાર કિંમત ૨.૯૦ કરોડ હતી.એસીબીને જાણવા મળ્યું કે રમણે તેમની પત્નીના નામે નોંધાયેલી ચાર બાંધકામ કંપનીઓ દ્વારા રિયલ એસ્ટેટ અને બાંધકામમાં નોંધપાત્ર રોકાણ કર્યું હતું. તપાસકર્તાઓના જણાવ્યા મુજબ, તેણે મૂસાપેટના અંજનેયા નગરમાં આશરે ૨૦ કરોડના રોકાણ સાથે ૧૦ રહેણાંક એપાર્ટમેન્ટ બનાવ્યા છે. સ્થાવર મિલકતો ઉપરાંત, અધિકારીઓને ૫૨.૦૨ લાખની બેંક ડિપોઝિટ, આશરે ૪ કરોડના ૨.૦૯૪ કિલો સોનાના દાગીના, આશરે ૪૫ લાખના ત્રણ વાહનો (કિયા, મહિન્દ્રા અને મારુતિ બલેનો), આશરે ૩૦ લાખના ઘરગથ્થુ સામાન અને ઈલેક્ટ્રોનિક સાધનો અને આશરે ?૨.૫ લાખની ૨૦ દારૂની બોટલો પણ મળી આવી.

એસીબીએ જપ્ત કરાયેલી મિલકતોની સત્તાવાર કિંમત ૨૭.૬૫ કરોડનો અંદાજ લગાવ્યો છે. જોકે, અધિકારીઓ કહે છે કે અન્ય મિલકતો અને રોકાણો ઓળખવા માટે તપાસ ચાલુ છે. રિયલ એસ્ટેટ નિષ્ણાતોનો અંદાજ છે કે વર્તમાન બજાર ભાવોના આધારે આ મિલકતોની કુલ કિંમત ૧૦૦ થી ૧૫૦ કરોડ હોઈ શકે છે.

રસપ્રદ વાત એ છે કે,એસીબીએ પણ શોધી કાઢ્યું કે રમણા અગાઉ ૧૨ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ટ્રેપ કેસમાં પકડાયા હતા. તે સમયે, તે સાયબર સિટી સર્કલમાં સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર (ઓપરેશન્સ) ની ઓફિસમાં ડિવિઝનલ એન્જિનિયર (ટેકનિકલ) તરીકે કાર્યરત હતા. તેમના પર અંતિમ અંદાજ મંજૂરી માટે ૨૫,૦૦૦ ની લાંચ લેવાનો આરોપ હતો. તે કેસમાં કરવામાં આવેલી તપાસ દરમિયાન, અધિકારીઓએ ૨૬.૫૨ લાખ રોકડા અને ૨૨.૬૦ લાખના સોનાના દાગીના જપ્ત કર્યા. બાદમાં તેમની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપીને ન્યાયિક કસ્ટડી માટે હૈદરાબાદમાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સ માટેની સ્પેશિયલ કોર્ટ અને એસીબી કેસ સમક્ષ રજૂ કરવામાં આવશે. અપ્રમાણસર સંપત્તિનો કેસ હાલમાં તપાસ હેઠળ છે, અને અધિકારીઓ નાણાકીય વ્યવહારો, બેનામી મિલકતો અને આરોપી અને તેના સહયોગીઓ સાથે જોડાયેલા અન્ય સંભવિત રોકાણોની તપાસ કરી રહ્યા છે.

# આગામી ૪૮ કલાક રાજ્યમાં ભારે વરસાદનું તાંડવ, અંબાલાલ પટેલની મોટી આગાહી

અમદાવાદ

ગુજરાતમાં સતત વરસી રહેલા મેઘમહેર વચ્ચે જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ચોંકાવનારી આગાહી કરી છે. તેમના જણાવ્યા અનુસાર રાજ્યમાં હજુ આગામી બે દિવસ (૪૮ કલાક) સુધી ભારેથી અતિભારે વરસાદની સ્થિતિ યથાવત રહેશે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં મેઘરાજા મુશળધાર બેટિંગ કરી શકે છે.

બંગાળની ખાડીમાં એક પછી એક નવી વરસાદી સિસ્ટમ સક્રિય થઈ રહી છે, જેના કારણે ચોમાસું વધુ આક્રમક બન્યું છે. અંબાલાલ પટેલે સ્પષ્ટ કર્યું છે કે ૨૭ જુલાઈથી રાજ્યમાં વરસાદનો વધુ એક ધમાકેદાર રાઉન્ડ શરૂ થશે.

અમદાવાદ અને ગાંધીનગરમાં આગામી ૨૪ કલાક ભારે: એસજી હાઈવેથી નિકોલ સુધી ધોધમારની શક્યતા

અમદાવાદ અને રાજધાની ગાંધીનગરમાં આગામી ૨૪ કલાક દરમિયાન વરસાદનું જોર યથાવત રહેશે.

અમદાવાદ: એસ.જી. હાઈવે, એસ.પી. રિંગ રોડ, નરોડા અને નિકોલ જેવા વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટાં પડે તેવી પૂરી શક્યતા છે. શહેરમાં કેટલાક સ્થળે અતિભારે વરસાદ પણ નોંધાઈ શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# લીમખેડામાં જયપુર-બાન્દ્રા ટ્રેન અટવાઈ : ૧૦ કલાકથી ફસાયેલી ટ્રેનના મુસાફરોની વહારે આવ્યા લીમખેડાના યુવાનો

**‘કપિરાજ સુંદરકાંડ મંડળ’ બન્યું દેવદૂતઃ તાત્કાલિક રાહત કામગીરી શરૂ કરી.**

આ ગંભીર અને વિકટ પરિસ્થિતિને ધ્યાને રાખીને લીમખેડાનું સ્થાનિક ‘કપિરાજ સુંદરકાંડ મંડળ’ તાત્કાલિક મુસાફરોના વહારે આવ્યું હતું. મંડળના ડો. ગોપાલ શર્માની આગેવાની હેઠળ યુવાનોની ટીમ ત્વરિત ધોરણે લીમખેડા રેલવે સ્ટેશન પર પહોંચી ગઈ હતી અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડતાં સેવાકીય કામગીરીનો પ્રારંભ કર્યો હતો.

લીમખેડા, ગુજરાત અને મુંબઈમાં ભારે વરસાદના કારણે રેલવે ટ્રેક પર પાણી ભરાઈ જતાં જયપુર-બાન્દ્રા એક્સપ્રેસ (ટ્રેન નં. ૧૨૯૮૦) સવારે ૮:૦૦ વાગ્યાથી લીમખેડા રેલવે સ્ટેશન પર જ અટવાઈ પડી હતી. ૧૦ કલાકથી વધુ સમય સુધી ટ્રેન સ્થિર ઊભી રહેવાના કારણે તેમાં સવાર હજારો મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. રેલવે વિભાગ દ્વારા સમયસર કોઈ પૂરતી વ્યવસ્થા ન કરાતાં નાનાં બાળકો, મહિલાઓ અને વયોવૃદ્ધો ભૂખ-તરસથી બેહાલ થઈ ગયા હતા.



**વિનામૂલ્યે નાસ્તા-પાણીનું વિતરણઃ મુસાફરોએ અનુભવ્યો હાશકારો.**

આ સેવાભાવી ટીમ દ્વારા ટ્રેનના ડબ્બાઓમાં તેમજ સ્ટેશન પર અટવાયેલા તમામ મુસાફરોને પીવાના પાણીની બોટલો, કેળાં, વેફર્સ, બિસ્કિટ, ચા અને ગરમ નાસ્તાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. કલાકોથી અટવાયેલા અને આશરો શોધતા મુસાફરોને સમયસર ખોરાક અને પાણી મળતાં તેમણે મોટી રાહત અને હાશકારો અનુભવ્યો હતો તથા લીમખેડાના યુવાનોની આ ઉમદા કામગીરીને હૃદયપૂર્વક બિરદાવી હતી.

# દાહોદમાં ભારે વરસાદની આગાહીને લઈ કલેક્ટરએ સ્થિતિની સમીક્ષા કરી

દાહોદ, દાહોદ જીલ્લામાં છેલ્લા ૨૪ કલાકના વરસાદ અને આગામી દિવસોમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહીને પગલે જીલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. જીલ્લા કલેક્ટર સુરભિ ગૌતમે જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રની મુલાકાત લઈ સમગ્ર પરિસ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.



મુલાકાત દરમિયાન કલેક્ટરે જીલ્લાના વિવિધ તાલુકાઓમાં થયેલા વરસાદની વિગતો મેળવી હતી. તેમણે નદી-નાળા, જળાશયો અને નીચાણવાળા વિસ્તારોની વર્તમાન સ્થિતિ અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી. હાલ જીલ્લામાં કોઈ ગંભીર આપત્તિજનક પરિસ્થિતિ નથી, પરંતુ સંભવિત જોખમોને પહોંચી વળવા તમામ આગોતરા પગલાં લેવાયા છે. ચોમાસા દરમિયાન નાગરિકોની સુરક્ષા માટે જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર ખાતે ૨૪ કલાક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. દરેક તાલુકા કક્ષાએથી સતત અહેવાલો મેળવી તેનું સંકલન કરાઈ રહ્યું છે, જેથી જરૂર પડ્યે તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી હાથ ધરી શકાય.

કલેક્ટરે સંબંધિત અધિકારીઓને સતર્ક રહેવા અને નીચાણવાળા તેમજ નદી કિનારાના સંવેદનશીલ ગામો પર વિશેષ નજર રાખવા સૂચના આપી છે. વરસાદ સંબંધિત કોઈપણ સમસ્યા કે આપત્તિના અહેવાલ મળતાની સાથે જ ત્વરિત અને અસરકારક કાર્યવાહી કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.આપત્તિ વ્યવસ્થાપન બેઠક બાદ જીલ્લાવાસીઓને અપીલ કરવામાં આવી છે કે, ભારે વરસાદની સ્થિતિમાં બિનજરૂરી મુસાફરી ટાળવી. પાણી ભરાયેલા રસ્તાઓ કે વહેતા પાણીમાંથી પસાર થવાનો જોખમી પ્રયાસ ન કરવા પણ નાગરિકોને જણાવાયું છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સમયાંતરે જાહેર થતી સત્તાવાર સૂચનાઓનું પાલન કરવું હિતાવહ છે.સોશિયલ મીડિયા પર પ્રસારિત થતી અફવાઓ કે અપ્રમાણિત માહિતીથી દૂર રહેવા અને માત્ર અધિકૃત સ્ત્રોતો માંથી મળતી માહિતી પર જ વિશ્વાસ કરવા નાગરિકોને અનુરોધ કરાયો છે. વરસાદ સંબંધિત કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિમાં તાત્કાલિક મદદ માટે જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રના કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા પણ જણાવાયું છે. જીલ્લા તંત્ર દ્વારા સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# દાહોદમાં ૨૮.૬૦ લાખની છેતરપિંડી કેસમાં પોલીસે ત્રણ આરોપીઓ પાસે ગુનાનું પુનરાવર્તન કરાવાયું




ફતેપુરા, દાહોદમાં ૨૮.૬૦ લાખ રૂપિયાની નકલી બેંક છેતરપિંડીના કેસમાં પોલીસે ત્રણેય આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને ગુનાનું રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ કાર્યવાહી કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે કરવામાં આવી હતી.

ગોધરા રોડ પર આવેલી ‘ધ લેન્ડમાર્ક’ બિલ્ડીંગમાં નકલી બેંક ઓફિસ બનાવવામાં આવી હતી. આરોપીઓએ અહીં બેંક જેવો માહોલ ઊભો કર્યો હતો, જેમાં કોમ્પ્યુટર અને ફર્નિચર ગોઠવીને છેતરપિંડીનું આખું કાવતરૂં રચ્યું હતું.આરોપીઓએ એક સોની વેપારીને નિશાન બનાવ્યો હતો. રથયાત્રામાં દાન આપવાના બહાને તેમણે વેપારી પાસેથી ૨૦૦ ગ્રામ સોનાના બિસ્કીટ મેળવ્યા હતા. ત્યારબાદ, આરોપીઓએ નજર ચૂકવીને પાછલા દરવાજેથી ફરાર થવાની સમગ્ર પદ્ધતિનું ઘટનાસ્થળે પુનરાવર્તન કર્યું હતું. પોલીસે આ ગુનાના દરેક પાસાને ફરીથી જીવંત કરીને કાનૂની કાર્યવાહીને વધુ મજબૂત બનાવી છે.

# RTO ઈન્સ્પેક્ટરની પ્રશંસનીય પહેલ : શાળામાં માર્ગ સલામતી સેમિનાર યોજી વિદ્યાર્થીઓને આપ્યું જીવન સુરક્ષાનું અનન્ય માર્ગદર્શન

દાહોદ, જીલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટે અને યુવા પેઢી ટ્રાફિક નિયમો પ્રત્યે જાગ્રત બને તે હેતુથી છ્ઝ્રધ વિભાગ દ્વારા શાળામાં રોડ સેફ્ટી વિષય પર વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં અધિકારીઓએ વિદ્યાર્થીઓને સમય કરતાં જીવન વધુ મહત્વનું છે, તેનો સંદેશ આપી ટ્રાફિક સંકેતો, સ્કૂલબસમાં રાખવાની સાવચેતી અને STOP, LOOK, GO જેવા નિયમોની સરળ શૈલીમાં સમજ આપી હતી. આ ઉપરાંત PPT ના માધ્યમથી હેલ્મેટ અને સીટબેલ્ટના ફાયદા તેમજ ચાલુ વાહને મોબાઈલના ઉપયોગના જોખમો વિશે વાસ્તવિક ઉદાહરણો આપી જાગૃત કરવામાં આવ્યા હતા.

અકસ્માતના સમયે ત્વરિત મદદ માટે ૧૦૮ અને ૧૧૨ ઈમરજન્સી નંબર પર કોલ કરવાની પદ્ધતિ સમજાવવાની સાથે અકસ્માત પીડિતોની મદદ કરનાર નાગરિકો માટેની રાહવીર યોજના (Good Samaritan Scheme) અને PM રાહત યોજના વિશે ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી હતી. રસ્તા પર શિસ્ત જાળવી અકસ્માત નિવારવાના આ સરાહનીય



પ્રયાસને શાળા પરિવાર અને વાલીઓએ ભારે બિરદાવ્યો હતો. RTO વિભાગની આ ઉત્કૃષ્ટ અને સક્રિય કામગીરી જીલ્લામાં અકસ્માતો ઘટાડવામાં અત્યંત મહત્વની ભૂમિકા ભજવશે.

માર્ગ અકસ્માતમાં ઘવાયેલી વ્યકિતને ‘ગોલ્ડન અવર’ (પ્રથમ ૬૦ મિનિટ)માં મદદ કરનાર નાગરિકોને પ્રોત્સાહિત કરવાનો છે. અકસ્માત પીડિતનો જીવ બચાવનાર મદદગારને રૂ.૨૫,૦૦૦ ની રોકડ રકમ અને પ્રશંસા પત્ર આપવામાં આવે છે. એક વ્યક્તિ વર્ષમાં વધુમાં વધુ ૫ વખત આ યોજનાનો લાભ મેળવી શકે છે.

અસાધારણ સેવા આપનાર ટોચના મદદગારોને રાષ્ટ્રીય સ્તરે રૂ.૧,૦૦,૦૦૦ નું વધારાનું ઈનામ આપી સન્માનિત કરાય છે. મદદ કરનાર નાગરિકને પોલીસ કે હોસ્પિટલની પરેશાની અને કાનૂની જવાબદારીમાંથી સંપૂર્ણ રક્ષણ મળે છે. મદદગાર વ્યક્તિને પોતાની અંગત વિગતો જાહેર કરવાની ફરજ પાડવામાં આવતી નથી (PM-RAHAT): અકસ્માત પીડિતને હોસ્પિટલમાં દાખલ થવાના પ્રથમ ૭ દિવસ માટે રૂ.૧.૫ લાખ સુધીની કેશલેસ સારવાર મળે છે.આ કાર્યક્રમમાં આરટીઓ ઈન્સ્પેકટર એન.સી. પટેલ, આરટીઓ આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર સી.એસ. વસાવા તથા રોડ સેફ્ટી ટ્રેઈનર દીપક ડામોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત અધિકારીઓએ માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમો અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ જાગૃતિ અભિયાનમાં અંદાજે ૩૦૦ થી ૩૫૦ જેટલા બાળકોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોને રોડ સેફ્ટી વિષય પર રમુજી અને સરળ શૈલીમાં સમજણ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અંતમાં, ટ્રાફિક નિયમોનું પાલન કરવાની શપથ લેવડાવી કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું.

# સુખસર થી ઝાલોદ જતા હાઈવે માર્ગ ઉપરથી પસાર થતી ફીગો કારનો પીછો કરી સુખસર પોલીસે ઈંગલિશ દારૂ બિયરના ટીન ઝડપ્યા

ફતેપુરા, ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાયદાના પુસ્તકો પૂરતી મર્યાદિત રહી જવા પામી હોવાનું જોવા અને જાણવા મળે છે. જેમાં રાજસ્થાનની સરહદ ઉપર આવેલા સુખસર તાલુકાના નાના-મોટા રસ્તાઓ ઉપરથી ઈંગ્લિશ દારૂ બિયરની મોટા પાયે હેરાફેરી થતી હોવાનું પ્રકાશમાં આવતા કિસ્સાઓ ઉપરથી જણાઈ રહ્યું છે. થોડા દિવસ અગાઉ સુખસરના આફવા રોડ ઉપરથી મોટી માત્રામાં ઈંગ્લિશ દારૂ પિયરના ટીન દાહોદ એલસીબી પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે ગતરોજ રાત્રિના સુખસર પોલીસે સુખસર થી ઝાલોદ જતા માર્ગ ઉપર પીછો સુખસર પોલીસે ઝાલોદના મુવાડા ખાતેથી કારમાંથી રૂપિયા ૨ લાખ ૨૨ હજારનો ઈંગલિશ દારૂ બિયરના ટીન ઝડપી બે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ સુખસર પોલીસ ગતરોજ રાત્રીના ૧૦ થી ૧૧ વાગ્યાના અરસામાં પેટ્રોલિંગમાં નીકળેલ હતા. તેવા સમયે પોલીસને બાતમી મળેલ કે, સુખસર થી ઝાલોદ તરફ જતા હાઈવે માર્ગ ઉપરથી ફિગો ગાડીમાં ઈંગ્લિશ દારૂ બિયરના ટીન લઈ બુટલેગરો પસાર થવાના હોવાની બાતમી મળતા સુખસર પોલીસ બાતમીવાળી ગાડીની તલાશમાં હતા. ત્યારે બાતમી વાળી ફિગો કાર નંબર જીજે-૦૬-પીસી-૫૬૭૧ આવતા પોલીસે ગાડીને ઉભી રાખવા ઈશારો કરતા કાર ચાલક પોતાના કબજાની કારને લઈ ભાગવાની કોશિષ કરી હતી. ત્યારે પોલીસે તેનો પીછો

૧૫ જુલાઈ- ૨૬ ના રોજ દાહોદ એલસીબી પોલીસ સુખસર વિસ્તારમાં પેટ્રોલિંગમાં નીકળેલ હતા. તેવા સમયે સુખસરના આફવા રોડ ઉપરથી ઈકો ગાડીમાં બિસ્કીટ વેફરની આડમાં ઈંગ્લિશ દારૂ બીયર ટીન ભરી બુટલેગર પસાર થનાર હોવાની ચોક્કસ બાતમી મળતા દાહોદ એલસીબીએ સુખસરના આફવા રોડ ઉપર નાકાબંધી ગોઠવી હતી. તે દરમ્યાન બાતમીવાળી ઈકો ગાડી આવતા તેને ઉભી રાખવાનો ઈશારો કરતા ડ્રાઈવર ગાડી લઈ ભાગી છૂટ્યો હતો અને આગળ જઈ રસ્તાની સાઈડમાં ગાડી ઉભી રાખી ચાલક ભાગી છૂટ્યો હતો. જ્યારે ઈકો ગાડીમાં તપાસ કરતા ઈંગ્લિશ દારૂ બિયરના ટીન ૨૧૮૪ મળી આવ્યા હતા. જેની કિંમત રૂ.૨,૮૦,૮૦૦ તથા ઈકો ગાડીની કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ લાખ મળી કુલ રૂપિયા ૭,૮૦,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આમ, સુખસર પંથક માંથી અવાર-નવાર લાખો રૂપિયાનો ઈંગ્લીશ દારૂ બિયર વહન થઈ રહ્યો છે.

કરતા કાર ચાલક પોતાના કબજાની ગાડીને લઈને ભાગી છુટ્યો હતો અને ઝાલોદ પાસે આવેલ મુવાડા ખાતે રસ્તાની સાઈડમાં નીચે ઉતારી દઈ ચાલક તથા તેની બાજુમાં બેઠેલ એક ઈસમ દરવાજો ખોલી ગાડીમાંથી ઉતરી ભાગી છુટ્યા હતા.

જ્યારે ફીગો કારમાં તપાસ કરતા ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂની કાચની બોટલો તથા બીયર ટીન મળી કુલ નંગ ૧૪૧૬ ની કિંમત રૂપિયા ૨ લાખ ૨૨ હજાર નો પ્રોહી મુદ્દામાલ તથા ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરવામાં ઉપયોગમાં લીધેલ ફોર્ડ કંપની ફિગો ગાડીની કિંમત રૂપિયા ૨ લાખ ૫૦ હજાર મળી કુલ રૂપિયા ૪,૭૨,૦૦૦ ના મુદ્દા માલની પ્રોહિ પ્રતિબંધક એરિયામાં બિનઅધિકૃત રીતે દારૂની હેરાફેરી પરિવહન કરી લઈ જતા પોલીસના પીછા દરમિયાન ગાડી રસ્તાની નીચે ઉતારી દઈ ચાલક તથા તેની બાજુમાં બેઠેલ ઈસમ ભાગી છુટતા ઈંગ્લિશ દારૂ બીયર ટીન તથા ફિગો ગાડી સુખસર પોલીસે કબજે લઈ બે ઈસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# હાલોલના ધારીયા ગામ પાસે પાવાગઢ પોલીસે નાકાબંધી કરી બલેનો ગાડી માંથી રૂ.૪૯ હજારનો દારૂ ઝડપ્યો

હાલોલ, હાલોલ તાલુકાના ધારીયા ગામ પાસે પાવાગઢ પોલીસે નાકાબંધીમાં હોય દરમિયાન બલેનો ગાડીનો ચાલક પોલીસ ચેકીંગ જોઈને ગાડી રોડ સાઈડમાં વીજ પોલ સાથે અથડાવી દીધી હતી અને નાશી છુટીયો હતો. પોલીસ ચેકીંગ દરમિયાન રૂ.૪,૪૯,૪૧૦/-નો દારૂ તેમજ બલેનો ગાડી મળી રૂ.૪,૪૯,૪૧૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

હાલોલ તાલુકાના ધારીયા ગામ પાસે પાવાગઢ પોલીસે નાકાબંધી કરી વાહન ચેકીંગમાં હોય દરમિયાન બલેનો ગાડી નંબર જીજે.૧૭.બીએ.૭૮૨૫નો ચાલક ભારતીય બનાવટનો દારૂ ભરીને આવતો હોય નાકાબંધી અને પોલીસ ચેકીંગ જોઈને બલેનો ગાડીના ચાલકે પોતાનું વાહન રોડ સાઈડમાં લાઈટના પોલ સાથે અથડાવી દીધી હતી અને નાશી છુટીયો હતો. પોલીસ ચેકીંગના દરમિયાન વિદેશી ઈંગ્લીશ દારૂના કવાટરીયા પેટી નંગ-૨ તથા છુટા કવાટરીયા નંગ-૨૭૦ મળી કુલ રૂ.૪૯,૪૧૦/-નો દારૂ તથા બલેનો ગાડી મળી કુલ રૂ.૪,૪૯,૪૧૦/-નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# લીમખેડાના પ્રતાપપુરા ગામે રાત્રીના સમયે ટ્રક પાછળ એકટીવા ઘુસી જતાં પંચેલાના આશાસ્પદ યુવાનનું મોત

લીમખેડા, લીમખેડાના પ્રતાપપુરા ગામે હાઈવે પર કોઈપણ જાતની પાર્કિંગ લાઈટ કે સિગ્નલ વિના ઊભેલી એક ટ્રક પાછળ એકટીવા ઘુસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં દેવગઢ બારીયા તાલુકાના પંચેલા ગામના ૧૯ વર્ષીય આશાસ્પદ યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજયાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દેવગઢબારિયા તાલુકાના પંચેલા ગામે રહેતા ભીમજીભાઈ ભરવાડના પુત્ર ૧૯ વર્ષીય બ્રિજેશભાઈ ભીમજીભાઈ ભરવાડ ગતરોજ જેતપુર ગામે પોતાની બહેનના ઘેરે ગયા હતા અને વહેલી પરોઢે બ્રિજેશભાઈ પોતાનું એકટીવા મોપેડ લઈને જેતપુર થી ભરત પોતાના ગામ પંચેલા આવી રહ્યા હતા. બ્રિજેશભાઈ જ્યારે પ્રતાપપુરા ગામ પાસે નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે હાઈવે પર સાઈડમાં એક ટ્રક ઉભી હતી, તે ટ્રકના ચાલકે વાહન પાર્ક કરતી વખતે કોઈપણ જાતની પાર્કિંગ લાઈટ ચાલુ રાખી ન હતી, કે કોઈ આડસ મૂકી ન હતી. જેથી રાત્રિના અંધારામાં અને સામેથી આવતા વાહનોનાં લાઈટના અંજાવાના કારણે બ્રિજેશભાઈને રસ્તા પર ઊભેલી ટ્રક દેખાઈ ન હતી. પરિણામે તેમનું એકટીવા ધડાકાભેર ટ્રકની પાછળ ટાયરના ભાગે ઘૂસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બ્રિજેશભાઈને માથામાં તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજયું હતું. અકસ્માત બાદ કોઈ અજાણ્યા વ્યકિતએ ફોન પર જાણ કરતા કલ્પેશભાઈ, બ્રિજેશભાઈના પિતા ભીમજીભાઈ અને પરિવારના અન્ય સભ્યો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જાણ થતા જ લીમખેડા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. મૃતક બ્રિજેશભાઈ ભરવાડની લાશનો કબજો મેળવી લાશને પોસ્ટમોર્ટમ માટે લીમખેડા સરકારી દવાખાને મોકલી આપી હતી. મૃતક બ્રિજેશભાઈ ભરવાડના કાકા કલ્પેશભાઈ ભરવાડે નોંધાવેલી ફરિયાદને આધારે લીમખેડા પોલીસે બેફિકરાઈ અને અકસ્માત સર્જાય તે રીતે હાઈવે પર ટ્રક પાર્ક કરનાર ટ્રક ચાલક ઉત્તર પ્રદેશના ફરૂકા બાદ જીલ્લાના ઠહુરીયા ગામના મિથુનકુમાર કપારામ યાદવ વિરૂદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જેઠોલી ગામે ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત નિશ્ચય આરોગ્ય શિબિર યોજાઈ

બાલાસિનોર, મહીસાગર જીલ્લાના બાલાસિનોર તાલુકાના પાંડવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તાબા હેઠળ આવેલા આયુષ્માન આરોગ્ય મંદિર, જેઠોલી ખાતે ટીબી મુક્ત ભારત ૧૦૦ દિવસીય અભિયાન અંતર્ગત નિશ્ચય આરોગ્ય શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં ટીબીનું વહેલું નિદાન કરી સમયસર સારવાર ઉપલબ્ધ કરાવવાના હેતુથી યોજાયેલી આ શિબિરમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ શિબિર મહીસાગર જીલ્લા આરોગ્ય અધિકારી ડો. સી.આર. પટેલીયા, જીલ્લા એપિડેમિક અધિકારી ડો. એસ.સી. ઢાકા, જીલ્લા મેલેરિયા અધિકારી ડો. અલ્પેશ ચૌધરી તથા જીલ્લા ક્ષય અધિકારી ડો. ડી.ડી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડો. દીપક વાટલીયાના સંકલનમાં પાંડવા પીએચસીના મેડિકલ ઓફિસર ડો. રેખા ગોસ્વામી, એમ.પી.એચ.ડબલ્યુ. હિરેનભાઈ પટેલ, સી.એચ.ઓ. નિમિષાબેન, આશા વર્કરબેનો અને ગંગાબેન સહિત આરોગ્ય વિભાગની ટીમે શિબિરની કામગીરી નિષ્ઠાપૂર્વક સંભાળી હતી. શિબિરમાં કુલ ૮૬ ગ્રામજનોનું ડિજીટલ પોર્ટેબલ એક્સ-રે મશીન દ્વારા ટીબી સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત હાઈટ, વેઈટ, બ્લડ પ્રેશર, રેન્ડમ બ્લડ સુગર (RBS), હિમોગ્લોબિન (HB) તેમજ ઈખઈ સહિત બિનચેપી રોગો (NCD)ની પણ આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.

શિબિર દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામજનોને ટીબીના લક્ષણો, રોગથી બચવાના ઉપાયો, સમયસર તપાસ કરાવવાના મહત્વ અને સંપૂર્ણ સારવાર અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ, ટીબી મુક્ત ભારતના લક્ષ્યને સિદ્ધ કરવા માટે આવા નિશ્ચય આરોગ્ય શિબિરો ગ્રામ્ય વિસ્તારોમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. શિબિરને સફળ બનાવવા પાંડવા પીએચસીના સ્ટાફ, આશા કાર્યકરો તેમજ જેઠોલી ગામના ગ્રામજનોએ નોંધપાત્ર સહયોગ આપ્યો હતો. આરોગ્ય વિભાગના આ જનહિતલક્ષી પ્રયાસને ગ્રામજનોએ પણ સારો પ્રતિસાદ આપ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.284

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# હાલોલ બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિકનું મોટું એક્સપોર્ટ હબ બનશે





– હાલોલ GIDC ખાતે માત્ર ૧૮૦ દિવસમાં ઓગળી જાય તેવી 'કમ્પોસ્ટેબલ કેરી બેગ' પ્લાન્ટનો પ્રારંભ કરાવતા રાજ્ય વનમંત્રી પ્રવિણ માળી.

– હાલોલ ખાતે વધુ ૫૦ કમ્પોસ્ટેબલ બેગ ઉત્પાદન એકમો શરૂ કરાશે; 'પ્લાસ્ટિક મુક્ત ભારત' તરફ વધુ એક મજબૂત કદમ.

પંચમહાલ,

કેન્દ્ર અને રાજ્ય સરકારના 'પ્લાસ્ટિક મુક્ત ભારત' અભિયાનને વેગ આપવા માટે પંચમહાલ જીલ્લાના હાલોલ જી.આઈ.ડી.સી.ખાતે રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રી પ્રવિણ માળી દ્વારા હાલોલ ખાતે પર્યાવરણ અનુકૂળ કમ્પોસ્ટેબલ કેરી બેગ બનાવવાના નવતર પ્લાન્ટનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંત્રીએ આગામી સમયમાં હાલોલ GIDCમાં આવા વધુ ૫૦ જેટલા કમ્પોસ્ટેબલ કેરી બેગ બનાવવાના પ્લાન્ટ શરૂ કરવાની મહત્વની જાહેરાત પણ કરી હતી.

આ પ્રસંગે રાજ્ય વન અને પર્યાવરણ મંત્રી પ્રવિણભાઈ માળીએ જણાવ્યું હતું કે, ''કેન્દ્ર સરકારે ૧૫૦ માઈક્રોનથી નીચેના સિંગલ યુઝ પ્લાસ્ટિક પર નિયંત્રણો મૂક્યા છે, ત્યારથી તેના પર્યાવરણીય વિકલ્પો શોધવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. તે જ દિશામાં આજે હાલોલ વિસ્તાર ખાતે બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક અને બેગના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ પ્લાસ્ટિક ઉત્પાદકોને (મેન્યુફેક્ચરર્સ) આમંત્રિત કરવામાં આવ્યા હતા.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અહીં ૫૦ થી વધુ પ્લાસ્ટિક ઉત્પાદકોએ સ્વયં બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક બેગ બનાવવાની પ્રતિજ્ઞા લીધી છે, જે ખૂબ જ આનંદની વાત છે. આવનારા સમયમાં સમગ્ર રાજ્યમાં જે પણ પ્લાસ્ટિક વપરાશે તે બાયોડિગ્રેડેબલ હશે, જેનાથી પર્યાવરણની જાળવણી થશે અને ગૌમાતાના સ્વાસ્થ્ય રક્ષણમાં પણ મોટો ફાયદો થશે.

મંત્રીએ આશાવાદ વ્યકત કરતાં જણાવ્યું હતું કે, ''હાલોલ આવનારા સમયમાં માત્ર સ્થાનિક ગ્રાહકો (કન્ઝ્યુમર) સુધી જ આ પર્યાવરણમિત્ર પ્લાસ્ટિક પહોંચાડવાનું કામ નહીં કરે, પરંતુ વિદેશોમાં પણ બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિકની નિકાસ કરતું એક મુખ્ય 'એક્સપોર્ટ હબ' બનીને ઊભરશે.''

આ તકે રાજ્ય વનમંત્રી દ્વારા ઉપસ્થિત તમામ ઉદ્યોગકારોને અપીલ કરવામાં આવી હતી કે, તેઓ પોતાના પ્લાસ્ટિક ઉત્પાદન એકમોને કમ્પોસ્ટેબલ/બાયોડિગ્રેડેબલ કેરી બેગના ઉત્પાદનમાં રૂપાંતરિત (કન્વર્ટ) કરે અને પર્યાવરણ રક્ષણના આ મહાયજ્ઞમાં સક્રિય ભાગીદાર બનશે

અત્રે ઉલ્લેખનીય છેકે,પર્યાવરણ સુરક્ષા અને પ્લાસ્ટિકના વિકલ્પ તરીકે કમ્પોસ્ટેબલ બેગના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના નિયમોનુસાર ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટિકની થેલીઓના ઉત્પાદન પર પ્રતિબંધ છે.

હાલોલ GIDC એ પ્લાસ્ટિક થેલી ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર હોવાથી, સ્થાનિક ઉદ્યોગકારો તેમની હયાત મશીનરીનો જ ઉપયોગ કરીને નવી ટેકનોલોજી દ્વારા કમ્પોસ્ટેબલ થેલીઓ બનાવી શકે તે માટે આ કાર્યક્રમમાં વિશેષ માર્ગદર્શન અને લાઈવ ડેમોસ્ટ્રેશન યોજવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના ચેરમેન, જીલ્લા અગ્રણી તેમજ હાલોલ GIDC ના પ્લાસ્ટિક ઉત્પાદક એકમોના સંચાલકો અને ઉદ્યોગકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કમ્પોસ્ટેબલ કેરી બેગના મુખ્ય ફાયદાઓ પર્યાવરણમિત્રઃ આ થેલીઓ જમીનમાં માત્ર ૧૮૦ દિવસમાં જ કુદરતી રીતે ભળી જઈને ખાતર બની જાય છે.

આર્થિક રીતે કેળવાય તેવુંઃ કમ્પોસ્ટેબલ કેરી બેગનું ઉત્પાદન પરંપરાગત પ્લાસ્ટિક કેરી બેગ કરતાં ઓછા ખર્ચમાં તૈયાર થાય છે.

# પંચમહાલ જીલ્લામાં આગામી ૨૪ કલાક માટે 'રેડ એલર્ટ' : કલેક્ટરની નાગરિકોને સાવચેત રહેવા અને એસઓપી અનુસરવા અપીલ

**શાળા–કોલેજો અને આંગણવાડીઓમાં રજા જાહેર; સમગ્ર વહીવટી તંત્ર, ફાયર અને પોલીસ ડિપાર્ટમેન્ટ એલર્ટ મોડ પર.**

પંચમહાલ,

હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક દરમિયાન પંચમહાલ તથા આજુબાજુના જીલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આશંકા વ્યક્ત કરતા 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખી પંચમહાલ જીલ્લા કલેક્ટર અજય દહિયાએ જીલ્લાના તમામ નાગરિકોને સંપૂર્ણ સાવચેતી રાખવા અને તંત્રને સહયોગ આપવા અપીલ કરી છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર..

સાવચેતીના પગલારૂપે જીલ્લાની તમામ શાળાઓ, કોલેજો, આઈ.ટી.આઈ.(ITI) તથા આંગણવાડીઓમાં આગામી દિવસ માટે રજા જાહેર કરવામાં આવી છે. વાલીઓને વિનંતી કરવામાં આવી છે કે, આ રજાના આદેશનું કડક પાલન કરે અને બાળકોને ઘરમાં જ સુરક્ષિત રાખે.

જીલ્લા કલેકટરએ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે, કોઈ પણ અણધારી પરિસ્થિતિને પહોંચી વળવા માટે સમગ્ર તંત્ર સજ્જ છે.જે અન્વયે જીલ્લા કંટ્રોલ રૂમ તથા તમામ તાલુકા કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત કરવામાં આવ્યા છે.ઈમરજન્સી ડિપાર્ટમેન્ટ જેવા કે પોલીસ વિભાગ, ફાયર બ્રિગેડ, અને પંચાયત વિભાગને એલર્ટ મોડ પર રાખવામાં આવ્યા છે. વીજળી સંબંધિત સમસ્યાઓ અને પોલ ધરાશાયી થવાના કિસ્સામાં ત્વરિત કામગીરી માટે MGVCL ની ટીમોને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

**નાગરિકો માટે કલેક્ટરની ખાસ અપીલ.**

જોખમ ન ખેડવુંઃ પાણી ભરાયેલા રસ્તાઓ કે ઓવરટોપ થતા પુલ પરથી વાહન પસાર કરવાનો કે જવાનો સાહસ બિલકુલ ન કરવું.

સાવચેતીઃ ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં પાણી ભરાવાની શક્યતા હોવાથી આગામી ૨૪ કલાક બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું અને સ્વ–રક્ષણના તમામ સાવચેતીના પગલાં લેવા.

# હાલોલના ધારીયા ગામ પાસે પાવાગઢ પોલીસે નાકાબંધી કરી બલેનો ગાડી માંથી રૂા.૪૯ હજારનો દારૂ ઝડપ્યો

હાલોલ,

હાલોલ તાલુકાના ધારીયા ગામ પાસે પાવાગઢ પોલીસે નાકાબંધીમાં હોય દરમિયાન બલેનો ગાડીનો ચાલક પોલીસ ચેકીંગ જોઈને ગાડી રોડ સાઈડમાં વીજ પોલ સાથે અથડાવી દીધી હતી અને નાશી છુટીયો હતો. પોલીસ ચેકીંગ દરમિયાન રૂા.૪,૪૯,૪૧૦/–નો દારૂ તેમજ બલેનો ગાડી મળી રૂા.૪,૪૯,૪૧૦/–નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

હાલોલ તાલુકાના ધારીયા ગામ પાસે પાવાગઢ પોલીસે નાકાબંધી કરી વાહન ચેકીંગમાં હોય દરમિયાન બલેનો ગાડી નંબર જીજે.૧૭.બીએ.૭૮૨૫નો ચાલક ભારતીય બનાવટનો દારૂ ભરીને આવતો હોય નાકાબંધી અને પોલીસ ચેકીંગ જોઈને બલેનો ગાડીના ચાલકે પોતાનું વાહન રોડ સાઈડમાં લાઈટના પોલ સાથે અથડાવી દીધી હતી અને નાશી છુટીયો હતો. પોલીસ ચેકીંગના દરમિયાન વિદેશી ઈંગ્લીશ દારૂના કવાટરીયા પેટી નંગ–૨ તથા છુટા કવાટરીયા નંગ–૨૭૦ મળી કુલ રૂા.૪૯,૪૧૦/–નો દારૂ તથા બલેનો ગાડી મળી કુલ રૂા.૪,૪૯,૪૧૦/–નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા દોડપા ફળીયા આંગણવાડી ખાતે વૃદ્ધ અને વિધવા સહાય પેન્શન વેરિફિકેશન કેમ્પ યોજાયો

ગોધરા,

ગોધરા શહેરના દોઢપા ફળિયા સ્થિત આંગણવાડી કેન્દ્ર ખાતે વૃદ્ધ સહાય અને વિધવા સહાય પેન્શન યોજનાના લાભાર્થીઓ માટે એક વિશેષ વેરિફિકેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય હેતુ અરજીપત્રોની ચકાસણી કરવાનો હતો.

કેમ્પ દરમિયાન, લાભાર્થીઓએ તેમના આધાર કાર્ડ, બેંક પાસબુક અને ઘઝડ માટે મોબાઈલ ફોન સાથે હાજર રહી પોતાની અરજીઓનું વેરિફિકેશન કરાવ્યું હતું. આ પ્રક્રિયા દ્વારા યોજનાનો લાભ પારદર્શક રીતે અને યોગ્ય પાત્ર વ્યક્તિઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું.

આ કેમ્પ નગરપાલિકા વોર્ડ નં.૨ના કોર્પોરેટરોના આયોજન હેઠળ યોજાયો હતો. જેમાં ગોધરા નગરપાલિકાના પ્રમુખ જશોદાબેન પ્રજાપતિ, વોર્ડ નં.૨ના કોર્પોરેટર અલ્કાબેન પટેલ, જીતુભાઈ સાવલાણી અને ચેતનભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન, લાભાર્થીઓને યોજનાની પ્રક્રિયા અંગે જરૂરી માર્ગદર્શન પણ પૂરૂં પાડવામાં આવ્યું હતું. આયોજકોએ જણાવ્યું હતું કે, સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ પાત્ર નાગરિકો સુધી સરળતાથી પહોંચાડવા આવા વેરિફિકેશન કેમ્પો અત્યંત મહત્વપૂર્ણ છે.

# દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને રાહુલ ગાંધીની અટકાયતના વિરોધમાં ગોધરા ખાતે યુવા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન




ગોધરા,

દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની અટકાયતના વિરોધમાં આજે ગોધરા ખાતે પંચમહાલ જીલ્લા યુવા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યકરોએ ''લાઠી નહીં, સંવાદ જોઈએ'' ના નારા સાથે વિરોધ નોંધાવ્યો હતો.

દિલ્હીમાં વિદ્યાર્થીઓ પોતાની વિવિધ માંગણીઓ અને વારંવાર થતી પેપર લીકની ઘટનાઓ સામે અવાજ ઉઠાવી રહ્યા હતા. આ વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલા લાઠીચાર્જ અને ટિયર ગેસના ઉપયોગ સામે દેશભરમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

પંચમહાલ યુથ કોંગ્રેસના પ્રમુખે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓની રજૂઆત સાંભળવાને બદલે સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા તેમના પર દમન ગુજારવામાં આવ્યું છે. આ દમનના વિરોધમાં પંચમહાલ જીલ્લા યુવા કોંગ્રેસ મેદાનમાં આવી છે. તાજેતરમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિદ્યાર્થીઓના મુદ્દે પ્રધાનમંત્રી નિવાસસ્થાન બહાર શાંતિપૂર્ણ રીતે રજૂઆત કરવા પહોંચ્યા હતા. તે સમયે તેમની સાથે કરાયેલી ગેરવર્તણૂક અને અટકાયત પણ આ વિરોધ પ્રદર્શનનું એક કારણ હતું.

ગોધરાના પ્રભા પુલ પર, આઈ.ટી.આઈ. કોલેજ નજીક પંચમહાલ જીલ્લા યુવા કોંગ્રેસ દ્વારા ભારે વરસાદ વચ્ચે શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યકરોએ હાથમાં ''લાઠી નહીં, સંવાદ જોઈએ'' લખેલા પોસ્ટરો સાથે વિરોધ દર્શાવ્યો હતો. આ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં યુવા કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો જોડાયા હતા.

# હાલોલ તાલુકામાં વહેલી સવાર ધોધમાર વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ



હાલોલ,

પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકાના શિવરાજપુર ગ્રામ્ય વિસ્તારમાં આજે વહેલી સવારથી જ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. આ વરસાદને કારણે સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને લોકોને ગરમી તથા ઉકળાટમાંથી રાહત મળી હતી. વરસાદ શરૂ થતા જ વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાયો.

વરસાદના કારણે ખેતરોમાં પાણીની આવક શરૂ થતાં ખેડૂતોમાં સંતોષ જોવા મળ્યો હતો. ખાસ કરીને ડાંગર પાકની વાવણી અને તેના વિકાસ માટે આ વરસાદ લાભદાયી સાબિત થશે તેવી આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. વહેલી સવારથી વરસેલા વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓ પર પાણી વહેતા જોવા મળ્યા હતા. જોકે, આ વરસાદને કારણે વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો.

હવામાનમાં ઠંડક પ્રસરી જતાં ગ્રામજનોને ગરમીમાંથી રાહત મળી છે. જો આગામી દિવસોમાં પણ સારો વરસાદ યથાવત રહેશે તો કૃષિ ક્ષેત્રને વધુ લાભ મળશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# હાલોલ રામેશરા પ્રા.શાળામાં ધો.-૬ ની વિદ્યાર્થીની સુઈ ગઈ હોવાથી થોડા સમય માટે વર્ગખંડમાં બંધ રહી

હાલોલ,

હાલોલ તાલુકાના રામેશરા ગામની પ્રા.શાળામાં ગતરોજ ધો.–૬ ની વિદ્યાર્થીની થાકેલી હોવાથી સુઈ જતાં શાળાનો સમય પુરો થતાં વર્ગખંડમાં જ રહી ગઈ હતી. રામેશરા ગામની પ્રાથમિક શાળાની ધો.–૬ ની વિદ્યાર્થીની થાકેલી હોવાથી તે વર્ગખંડમાં જ સુઇ ગઈ હતી. તે સમયે શાળાનો સમય પુર્ણ થતાં તમામ બાળકો વર્ગખંડમાંથી ઘરે જવા નીકળ્યા બાદ શિક્ષક દ્વારા વર્ગખંડને તાળુ મારી શાળાનો સ્ટાફ પણ ઘરે જવા નીકળી ગયો હતો. તેમ શાળાના આચાર્યએ જણાવ્યુ હતુ. શાળા સમય પુર્ણ થવાના થોડા સમયમાં વિદ્યાર્થીની ઘરે ન પહોંચતા પરિવારજનોએ શાળા ખાતે સંપર્ક કરતા શાળાનો સમગ્ર સ્ટાફ તેમજ તેના પરિવારજનો દ્વારા વિદ્યાર્થીનીની શોધખોળ હાથ ધરી હતી. એકવાર તમામ વર્ગખંડોનુ ચેકિંગ કર્યુ હતુ જેમાં વિદ્યાર્થીની તેના જ વર્ગખંડમાં મળી આવેલ તેમ શાળાના આચાર્ય દ્વારા જણાવ્યુ હતુ.

# વાછાવાડ ગ્રામ પંચાયતના સરપંચ પતિ દ્વારા માલિકીની જમીનમાં કરવામાં આવેલ ઉકરડા (દબાણ) ગ્રામ પંચાયત દ્વારા દૂર કરવામાં આવ્યું

કાલોલ,

કાલોલ તાલુકાના વાછાવાડ ગામે માલિકીના સર્વે નં ૨૭૮ માં આવેલી માલિકીની જમીન જે નિશાબેન ધીરેણકુમાર દરજીના નામની આવેલી છે અને આ જમીનમાં વાછાવાડ ગ્રામ પંચાયતના સરપંચ પતિ કલ્પેશકુમાર કિરણસિંહ રાઠોડ દ્વારા સરકારી ગ્રાન્ટ લેવા માટે કોઈ અધિકારીની મંજૂરી લીધા વગર ઉકરડા (દબાણ) કરવામાં આવેલ અને આ દબાણ થતા જમીન માલિક દ્વારા સ્થળ તપાસ કરતા ખબર પડી કે, આ ઉકરડા મારી માલિકીની જમીનમાં સરકારી ગ્રાન્ટ લેવા માટે બનાવેલ છે. ત્યારે સ્થળ ઉપર જતા સરપંચ પતિ કલ્પેશકુમાર કિરણસિંહરાઠોડ તેમજ વિપુલ (વિપલો) રાજેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા જમીન માલિક સાથે બોલાચાલી કરતા જમીન માલિક દ્વારા પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી. જેમાં સરપંચ પતિ કલ્પેશકુમાર કિરણસિંહરાઠોડ તેમજ વિપુલ (વિપલો) રાજેન્દ્રસિંહનો જામીન ઉપર છુટકારો થયો હતો અને આ જમીનમાં વાછાવાડ ગ્રામ પંચાયત દ્વારા સરકારી ગ્રાન્ટ લેવા માટે ઉકરડા બનાવ્યા હતા, તે બાબતે જમીન માલિક દ્વારા જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરવામાં આવી હતી અને જીલ્લા કલેકટર દ્વારા જમીન સર્વેયરને માપણી કરવાના આદેશ આપવામાં આવ્યા હતા અને કલેકટરના આદેશ મુજબ સર્વે નં. ૨૭૮ ની માપણી કરવામાં આવી હતી. જેના જમીન સર્વેયર દ્વારા સર્વે નં. ૨૭૮ માં ૪૦ થી ૫૦ ચો.મી.નું દબાણ કરવામાં આવ્યું છે, તેવું લેખિત આપવામાં આવ્યું હતું. ત્યારે જમીન માલિક દ્વારા જીલ્લા સ્વાગતમાં કાર્યક્રમમાં રજૂઆત કરતા કલેક્ટરના હુકમ મુજબ મેં મામલતદાર દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ અને કલેક્ટરના આદેશ મુજબ વાછાવાડ ગ્રામ પંચાયત દ્વારા માલિકીની જમીનમાં બનાવવામાં આવેલા ઉકરડાનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું.



# ગોધરા-અમદાવાદ હાઈવે નજીક આવેલા સોસાયટીઓના કાચા રસ્તાઓ વરસાદી માહોલમાં બિસ્માર બન્યા

ગોધરા,

ગોધરા શહેરમાં અમદાવાદ હાઈવે નજીક આવેલી અનેક સોસાયટીના માર્ગો કાચા અને બિસ્માર હાલતમાં જોવા મળે છે. ચોમાસામાં સ્થાનિક રહિશો વરસાદી પાણીથી ભરાયેલા ખાડા ખાબોચિયા વાળા માર્ગો પરથી આવવા–જવા મજબુર બન્યા છે. ગત વર્ષે પણ આ સોસાયટીના રહિશોએ નગરપાલિકા અને સંબંધિત વિભાગને લેખિત અને મૌખિક રજુઆતો કરવા છતાં આજે પણ પરિસ્થિતિ જૈસે થે...જોવા મળે છે. ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં અમદાવાદ હાઈવે રોડ નજીક કોલીયારી, દરૂણિયા, અને અબ્રાહમ પટેલના મુવાડા ગામ તરફ જવાના માર્ગ ઉપર રાધાકૃષ્ણ પાર્ક, સરસ્વતી સોસાયટી, જય માતાજી સોસાયટી, લક્ષ્મણ નગર, રાધા માધવ પાર્ક, ચંદ્ર નગર સહિતની અનેક સોસાયટીઓ આવેલી છે. જયાં અંદાજિત ૩૦૦થી ૪૦૦ મકાનોમાં ૨૦૦૦થી વધુની વસ્તી વસવાટ કરે છે. આ સોસાયટીઓ તરફ જવાનો માર્ગ આજે પણ કાચો અને બિસ્માર હાલતમાં છે. સ્થાનિક રહિશો દ્વારા ગત વર્ષે પણ નગરપાલિકા અને વોર્ડ સદસ્યોને પાકો આરસીસી માર્ગ બનાવવા લેખિત અને મૌખિક રજુઆત કરી હતી. પણ પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરાઈ ન હતી. જેના કારણે સ્થાનિક રહિશોને ચોમાસામાં વરસાદી પાણી ભરાતા કાદવ–કિચડ, ખાડા ખાબોચિયા વાળા માર્ગો ઉપરથી આવન–જાવન કરવી પડે છે. સોસાયટીના રહિશોએ સ્વખર્ચે ઈંટોના રોડા નંખાવી માર્ગને આવવા–જવા માટે કાર્યરત કર્યો હતો. પરંતુ એમ્બ્યુલન્સ, ફાયર ફાયટર કે બીજા કોઈ તાત્કાલિક જરૂરી વાળા સાધનો આવન–જાવન કરી શકે તેવી શકયતા જણાતી નથી. વિસ્તારના બાળકોને શાળાએ, નોકરિયાત વર્ગ, ધંધાદારી વર્ગને આવન–જાવન કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે. ત્યારે સ્થાનિકો દ્વારા પાકો રસ્તો બનાવવા માંગ કરાઈ છે.